ઘરેથી નોકરી પર જવા નીકળ્યા બાદ પરત ન ફરતા શોધખોળ હાથ ધરાઈ હતી

## કાલોલ કેનાલ નજીકથી હાલોલની ફાઈનાન્સ કંપનીના ૨૩ વર્ષીય કર્મચારીની લાશ મળી

**પોલીસે** મૃતદેહનો કબજો મેળવી કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો

(પ્રતિનિધી) કાલોલ, તા.9
હાલોલ ખાતે માઈક્રોફિન ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરી પરિવારનું ભરણપોષણ કરતા ૨૩ વર્ષીય યુવાનના અચાનક મૃત્યુની ઘટનાએ સાવલીથી હાલોલ સુધીના વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી છે. યુવાન ઘરેથી નોકરી પર જવા નીકળ્યા બાદ પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન બોરૂ-નર્મદા કેનાલ નજીકના જંગલ વિસ્તારમાંથી તેમનો મૃતદેહ મળી આવતા ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. મળતી વિગતો અનુસાર, સાવલી તાલુકાના સધાપુરા ગામના વતની વિશાલ દિલીપભાઈ સોલંકી છેલ્લા દોઢ વર્ષથી હાલોલ સ્થિત મુથૂટ માઈક્રોફાઈનાન્સ કંપનીમાં નોકરી કરતા હતા. શુક્રવારે તેઓ પોતાની કાર લઈને રોજિંદા કામકાજ માટે ઘરેથી નીકળ્યા હતા. જોકે, દિવસ પસાર થઈ જવા છતાં તેઓ પરત ઘરે ન આવતાં પરિવારજનોને ચિંતા થઈ હતી. પરિવારજનોએ વિશાલનો મોબાઈલ ફોન પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. ફોનની રિંગ વાગતી હોવા છતાં કોઈ જવાબ ન મળતાં પરિવારજનોએ તેમના મિત્રો અને પરિચિતોનો સંપર્ક કરી શોધખોળ શરૂ કરી હતી. આ દરમિયાન વિશાલના મિત્ર ધર્મેન્દ્ર જાદવ, રહે. સણસોલી, તરફથી પરિવારજનોને જાણ કરવામાં આવી હતી કે બોરૂ-નર્મદા કેનાલ નજીક રસ્તાની બાજુમાં વિશાલની કાર બિનવારસી હાલતમાં જોવા મળી છે. આ માહિતી મળતાં પરિવારજનો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને આસપાસના વિસ્તારમાં વિશાલની શોધખોળ હાથ ધરી હતી. મોડી રાત્રે આશરે પોણા અગિયાર વાગ્યાના અરસામાં બોરૂ ખાતે નર્મદા કેનાલ નજીક ઈનોક્સ કંપની સામેના જંગલ વિસ્તારમાં લીમડાના ઝાડ સાથે મફલર બાંધી ગળે ફાંસો ખાઈ લીધેલ મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં કાલોલ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસે મૃતદેહનો કબજો મેળવી કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પરિવારજનોની જાણના આધારે પોલીસે અકસ્માત મોતની નોંધ કરી સમગ્ર બનાવ અંગે વધુ તપાસ શરૂ કરી છે.વિશાલના અચાનક મૃત્યુથી પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. યુવાનના મૃત્યુ પાછળનું ચોક્કસ કારણ હાલ સ્પષ્ટ થયું નથી. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

## ફતેપુરા તાલુકાના ઈંટા ગામે સત્સંગ મેળાવડો યોજવામાં આવ્યો



(પ્રતિનિધી) ફતેપુરા, તા.9
ફતેપુરા તાલુકાના ઈંટા ગામે ભજન અને સત્સંગ સભા નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ઈંટા ગામ તથા આસપાસના સંતો ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, દાદપુરી ધામના શ્રી કાનગર મહારાજ પણ ઉપસ્થિત રહ્યા હતાં. આ સત્સંગ સભામાં વિવિધ હિન્દુ સંગઠનો ના કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા જનજાતિ સામાજિક આગેવાન અજીતદેવ પારગી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને ધર્મસભાને સંબોધિત કરી હતી. તેમણે તેમની આગવી શૈલીમાં ધર્મ અને ભીલોની મહાન પરંપરા કદી ન છોડવા ઉપર ખાસ ભાર મૂક્યો હતો.

કાલોલ પાલિકા વોર્ડ નં. ૩ મા રોડની અધૂરી કામગીરી

## રણછોડજી મંદિરના પ્રવેશદ્વારે જ ગંદકીના ઢગ ખડકાયા



(પ્રતિનિધી) કાલોલ, તા.9
પંદર દિવસ પહેલા કાલોલ નગરપાલિકા ના વોર્ડ નંબર ૩માં આવેલ 'ત્રણ ફાણસ'થી 'હનુમાન મંદિર' સુધીના માર્ગ પર સી.સી. ટ્રિમિક્સ રોડનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. કામગીરી દરમિયાન રોડનું યોગ્ય લેવલિંગ જાળવવામાં આવ્યું ન હોવાનું તેમજ પી.સી. સી. કામગીરીમાં ધોરણ મુજબની ગુણવત્તાનો સંપૂર્ણ અભાવ હોવાનું સ્થાનિક રહીશોના ધ્યાન પર આવ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ શેઠ ફળિયાના રહીશો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે રૂબરૂ નિરીક્ષણ કરી કામગીરી નિયમ મુજબ ન થતી હોવા અંગે કોન્ટ્રાક્ટર સામે ભારે વિરોધ નોંધાવ્યો હતો. સામા વરસાદે સીસી રોડ બનાવવાના સમય સામે પણ ભારે વિરોધ દર્શાવ્યો હતો. રહીશોના તીવ્ર વિરોધ અને વિરોધ પ્રદર્શનને પગલે રોડનું નિર્માણ કાર્ય તાત્કાલિક ધોરણે અટકાવી દેવાની ફરજ પડી હતી જોકે પાલિકા ઉપપ્રમુખ દ્વારા ગુણવતા યુક્ત કામગીરી કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી તેમ છતાં પણ છેલ્લા પંદર દિવસથી આ વિસ્તારમાં ખાડા ખોદેલા જોવા મળી રહ્યા છે અને કામ શરૂ કરવામાં આવ્યું નથી જેથી લોકોને અવરજવર મા ભારે તકલીફ પડી રહી છે જેનુ સત્વરે નિરાકરણ લાવવા માંગ ઉઠી છે.

બોડેલી-જબુગામ વચ્ચે મેરિયા બ્રિજ પર ઝાડી-ઝાંખરાનુ રાજ

## બ્રિજ પર ઝાડી-ઝાંખરાથી રેલિંગ ઢંકાઈ જતા અકસ્માતનો ભય

(પ્રતિનિધી) બોડેલી, તા.9
છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી-જબુગામ વચ્ચે આવેલા મેરિયા બ્રિજ પર ઝાડી-ઝાંખરા ખૂબ જ વધી જતાં બ્રિજની લોખંડની રેલિંગ પણ ઢંકાઈ ગઈ છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા પ્રી-મોન્સૂન કામગીરી અંતર્ગત બ્રિજ આસપાસની ઝાડી-ઝાંખરા સાફ કરવામાં આવી છે કે નહીં તે અંગે હવે અનેક સવાલો ઉઠી રહ્યા છે. મેરિયા બ્રિજ લાંબા સમયથી ભારે વાહનો માટે બંધ રાખવામાં આવ્યો હતો. થોડા દિવસો અગાઉ શરતો સાથે વાહન વ્યવહાર માટે બ્રિજ ફરી શરૂ કરવામાં આવ્યો હોવા છતાં બ્રિજ ઉપર અને તેની આસપાસ ઝાડી-ઝાંખરાનું પ્રમાણ હજુ પણ વધુ જોવા મળી રહ્યું છે. ઝાડી-ઝાંખરા એટલી હદે વધી ગયા છે કે બ્રિજની લોખંડની



રેલિંગ પણ ઢંકાયેલી હાલતમાં જોવા મળી રહી છે. જેના કારણે રાત્રિના સમયે તેમજ વરસાદી વાતાવરણમાં વાહનચાલકો માટે મુશ્કેલી અને અકસ્માતનું જોખમ ઊભું થઈ શકે છે. બ્રિજની સલામતી અને વાહનચાલકોની સુવિધાને ધ્યાનમાં રાખી સંબંધિત વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે ઝાડી-ઝાંખરા દૂર કરી સમગ્ર વિસ્તારની સફાઈ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી રહી છે.

દુર્ગંધ મારતું દુષિત પાણી અને મચ્છરોના ઉપદ્રવ વચ્ચે રહીશોની કફોડી સ્થિતિ

## વાઘોડિયા સોસાયટીમાં ઉભરાતી ગટરોથી રહીશો ત્રાહીમામ પોકાર્યા

સ્થાનિકો દ્વારા નગરપાલિકા, ધારાસભ્ય, કલેક્ટર અને સીએમઓ સુધી રજૂઆત કરી



(પ્રતિનિધી) વાઘોડીયા, તા.9
વાઘોડિયા નગરપાલિકા વિસ્તાર વોર્ડ નંબર 4 માડોધર રોડ પર પશુ દવાખાના પાછળ આવેલ કલ્પચંદ્ર યુનિક સોસાયટીમાં છેલ્લા સાત માસથી ગટરો ઉભરાવાની સમસ્યાથી રહેશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે સોસાયટીના રહીશોએ અનેક વખત સમયાંતરે વાઘોડિયા નગરપાલિકા, ધારાસભ્ય, વડોદરા જિલ્લા કલેક્ટર અને સીએમઓ સુધી લેખિતમાં રજૂઆત કરી ચૂક્યા છે છતાં આજદિન સુધી ઉભરાતી ગટરની સમસ્યાનું નિરાકરણ કોઈપણ અધિકારી દ્વારા કરવામાં આવ્યું નથી. ત્યારે સોસાયટીના રહીશોએ આજે એકઠાં થઈ ભારે સૂત્રોચાર સાથેચીમકી ઉચ્ચારી છે કે સમસ્યાનું વહેલી તકે નિરાકરણ નહીં આવે તો નગરપાલિકા કચરીએ ભૂખ હડતાલ કરી ધરણા પ્રદર્શન કરશું. કલ્પચંદ્ર યુનિક સોસાયટીમાં ઉભરાતી ગટરોના દૂષિત પાણી જાહેર માર્ગો પર વહેતા નાના બાળકોથી લઈ વૃદ્ધો અને મહિલાઓને દુર્ગંધ યુક્ત ગંદા પાણીમાંથી પસાર થવાનો વખત આવ્યો છે સ્થાનિકો જણાવે છે કે અમે પ્રાથમિક જરૂરિયાતની માંગ કરી રહ્યા છે ગટર કનેક્શન અને વેરો પણ પાલિકામાં ભરીએ છીએ. છતાં વાઘોડિયા નગરપાલિકા વોર્ડ નંબર ચારના ચૂંટાયેલા કોર્પોરેટરો અમારી રજૂઆત સાંભળતા કેમ નથી.? આ માટે ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાને લોક દરબારમાં અમે બે મહિના પહેલા તમામ રહીશોએ લેખિત અને મૌખિક રજૂઆત કરી હતી અને તેઓએ ચીફ ઓફિસરને તાત્કાલિક સમસ્યાનું નિરાકરણ લાવી આપવા ફરમાન કરી અમને આશ્વાસન આપ્યું હતું છતાં પણ અધિકારીઓ ધારાસભ્યની બાહેધરીનું પાલન કર્યું નથી. ના છૂટકે આ વિસ્તારના રહીશો વડોદરા જિલ્લા કલેકટર આરોગ્ય વિભાગ વાઘોડિયા નગરપાલિકા સી એમ ઓ કાર્યાલય સુધી લેખિત માં અનેકવાર રજૂઆત કરી ચૂક્યા છે પરંતુ તેઓ તરફથી સ્થાનિક કચેરીએથી પ્રશ્ન હલ થશે તેવો જવાબ મળ્યો છે.

## ગાંધીનગરમાં 11થી 13 સપ્ટેમ્બર સુધી DLPE Asia 2026નું આયોજન

(પ્રતિનિધી) વડોદરા, તા.9
ગાંધીનગરના હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે 11થી 13 સપ્ટેમ્બર દરમિયાન 14મું ડેરી લાઈવસ્ટોક એન્ડ પૉલ્ટ્રી એક્સ્પો એશિયા (DLPE Asia) 2026 યોજાશે. રેડિકલ કમ્યુનિકેશન્સ દ્વારા બ્રોઈલર પૉલ્ટ્રી ફાર્મર્સ એસોસિએશન અને લેયર પૉલ્ટ્રી એસોસિએશન ઓફ ગુજરાતના સહયોગથી યોજાનારા આ પ્રદર્શનમાં ડેરી, લાઈવસ્ટોક, પૉલ્ટ્રી અને સંકળાયેલા કૃષિ ક્ષેત્રના ઉત્પાદકો, સપ્લાયર્સ, ટેક્નોલોજી પ્રદાતાઓ, ખેડૂતો, વેટરિનરી નિષ્ણાતો અને આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે. આ પ્રદર્શનમાં પૉલ્ટ્રી ફાર્મિંગ, ડેરી ટેક્નોલોજી, એનિમલ હઝબન્ડ્રી, ફીડ-ન્યુટ્રિશન, વેટરિનરી હેલ્થકેર, હેચરી સાધનો, ઓટોમેશન, કોલ્ડ ચેઈન, પ્રોસેસિંગ, પેકેજિંગ, બાયોસિક્યુરિટી અને સસ્ટેનેબલ



ફાર્મિંગ ક્ષેત્રની નવી ટેક્નોલોજી રજૂ થશે. આયોજકોના જણાવ્યા મુજબ 300થી વધુ દેશી-વિદેશી પ્રદર્શકો અને 1.50 લાખથી વધુ બિઝનેસ વિઝિટર્સ જોડાશે. 5,000થી વધુ ડીલર્સ તથા GCC, એશિયા અને આફ્રિકાના 50થી વધુ આંતરરાષ્ટ્રીય ખરીદદારોની હાજરીની અપેક્ષા છે. DLPE Asia 2026નું સહ-આયોજન 15મા એગ્રી એશિયા ઈન્ટરનેશનલ એક્ઝિબિશન સાથે થશે. ટેક્નિકલ કોન્ફરન્સ, લાઈવ ડેમો, B2B-B2C નેટવર્કિંગ અને પ્રોડક્ટ લોન્ચ મુખ્ય આકર્ષણ રહેશે.

## ઝાલોદમાં ખેડૂત સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) ઝાલોદ, તા.9
ઝાલોદ ખાતે ખેડૂત સશક્તિકરણ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ઝાલોદ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ઝાલોદ આસપાસના ગામોના 100 જેટલા ખેડૂતોએ ઉપસ્થિત રહી ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને આધુનિક કૃષિ ટેકનોલોજી, પ્રાકૃતિક તેમજ કેમિકલ મુક્ત ખેતી અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને બાયો કલ્ચર ટેકનોલોજી અંગે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# મધ્ય ગુજરાતમાં વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

## ડભોઈમાં વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરાઈ



**ડભોઇ :** દર વર્ષે ૯મી ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસ તરીકે મનાવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ વિશ્વભરના આદિવાસી સમુદાયોના હકોનું રક્ષણ કરવું, તેમની સંસ્કૃતિ, પરંપરાઓ અને ભાષાઓનું જતન કરવું અને તેમના સામાજિક, આર્થિક તથા રાજકીય ઉત્કર્ષ માટે જાગૃતિ ફેલાવવાનો છે. આ દિવસની ઉજવણી આદિવાસી લોકોના જીવન અને તેમના યોગદાનને બિરદાવવાની એક તક પૂરી પાડે છે.આ દિવસની શરૂઆત સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા થઈ હતી. 1994માં સંયુક્ત રાષ્ટ્રની મહાસભાએ ૯મી ઓગસ્ટને 'આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ' તરીકે જાહેર કર્યો. આ તારીખ પસંદ કરવા પાછળનું કારણ એ હતું કે 1982માં આ દિવસે સંયુક્ત રાષ્ટ્રની આદિવાસી વસ્તીઓ પરની વર્કિંગ ગ્રૂપની પ્રથમ બેઠક યોજાઈ હતી.

## 'જય જોહાર, જય આદિવાસી'ના નારાથી ઝાલોદ નગર ગુંજી ઉઠ્યું



**ઝાલોદ :** ૯ ઓગસ્ટ એટલે વિશ્વ આદિવાસી દિવસ. વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ઝાલોદ નગરમાં આદિવાસી સમાજ દ્વારા ભવ્ય રેલી અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. 'જય જોહાર, જય આદિવાસી', 'એક તીર, એક કમાન, આદિવાસી એક સમાન' જેવા નારાઓથી ઝાલોદ નગર ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે ભીલ રાજા ઝાલા વસૈયા ચોક ખાતે મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો એકત્ર થયા હતા. અહીં પૂજન-અર્ચન કર્યા બાદ ડીજેના તાલે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં આદિવાસી સમાજના લોકો પરંપરાગત પહેરવેશમાં સજ્જ થઈ જોડાયા હતા. તીર-કામઠા, તલવાર સહિતના પરંપરાગત શસ્ત્રો સાથે આદિવાસી નૃત્ય અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓએ આકર્ષણ જમાવ્યું હતું.

## સિંગવડમાં વિશ્વ આદિવાસી દિવસે રેલીમાં માનવ મહેરામણ ઉમટ્યું



**સિંગવડ :** વિશ્વ આદિવાસી દિવસનિમિત્તે સિંગવડ તાલુકામાં આદિવાસી સમાજ દ્વારા ભવ્ય રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સિંગવડ ના ભમરેચી માતા મંદિરેથી કરવામાં આવી હતી. ત્યાંથી આદિવાસી ભાઈઓ ડીજેના તાલે આદિવાસી ગીતો પર ઝૂમતા પરંપરાગત વેશભૂષામાં તથા તીર કામઠું તથા ધારીયા પ્રતીક સાથે રેલી સ્વરૂપે નીકળ્યા હતા. ત્યારબાદ વિશ્વ આદિવાસી ની રેલી ગુરુ ગોવિંદ ચોક ખાતે પહોંચી હતી. જ્યાં આગેવાનો દ્વારા આરતી-પૂજા કરવામાં આવી હતી. અને ધ્વજાને પણ બદલવામાં આવી હતી ત્યારબાદ રેલી G.L. શેઠ હાઈસ્કૂલના ગ્રાઉન્ડ ખાતે પહોંચી હતી. G.L. શેઠ હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં પહોંચ્યા બાદ આગેવાનો દ્વારા ૯મી ઓગસ્ટના મહત્વ અને આદિવાસીની પરંપરાગત સંસ્કૃતિ અંગે માહિતી આપવામાં આવી હતી.

## લીમખેડામાં વિશ્વ આદિવાસી દિવસે હસ્તેશ્વર મહાદેવથી વિશાળ રેલી યોજાઇ



**લીમખેડા :** વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે લીમખેડા પંથકમાં ઉત્સાહ અને ઉમંગ સાથે એક ભવ્ય સાંસ્કૃતિક મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.આદિવાસી સંસ્કૃતિ, પરંપરા અને ગૌરવશાળી ઇતિહાસને ઉજાગર કરતી આ રેલીમાં આજુબાજુના વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં આદિવાસી સમાજના યુવાનો, વડીલો અને મહિલાઓ પારંપરિક પહેરવેશ સાથે ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર શહેરમાં આદિવાસી સંસ્કૃતિનો અદ્ભુત માહોલ જોવા મળ્યો હતો અને વાતાવરણ આદિવાસી નાચ-ગાનથી ગુંજી ઉઠ્યું હતું. આ ભવ્ય રેલીનું પ્રસ્થાન લીમખેડાના હસ્તેશ્વર મહાદેવ મંદિરેથી કરવામાં આવ્યું હતું. મંદિરે પૂજા-અર્ચના બાદ રેલીએ લીમખેડા શહેરના મુખ્ય માર્ગો તરફ પ્રયાણ કર્યું હતું. આ રેલી બિરસા મુંડા ચોક થઈને દાહોદ રોડ તરફના મુખ્ય માર્ગો પર ફરી હતી.

## વિશ્વ આદિવાસી દિવસે સેગવા ગામેથી બેન્ડવાજા સાથે ભવ્ય બાઈક રેલી



**શિનોર :** વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે સેગવા ગામેથી બેન્ડવાજા સાથે ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવા,રાજેશ વસાવા. અલ્પેશ વસાવા આગેવાનીમાં યોજાયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના આગેવાનો અને યુવાનો આદિવાસી પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈ જોડાયા હતા. દર વર્ષે ૯ ઓગસ્ટના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી સમુદાયના અધિકારોનું રક્ષણ કરવા તેમજ તેમની અનોખી સંસ્કૃતિ, ભાષા, પરંપરા અને જીવનશૈલીના સંવર્ધન માટે જાગૃતિ લાવવાનો છે. સેગવા ગામેથી નીકળેલી બાઈક રેલી સાધલી ગામે આવેલા ભગવાન બિરસા મુંડા સર્કલ ખાતે પહોંચી હતી.

## બોડેલીમાં વિશ્વ આદિવાસી દિવસે બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ સાથે શ્રદ્ધાંજલિ આપી



**બોડેલી :** છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નગરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અલીપુરા સર્કલ ખાતે આવેલી આદિવાસી સમાજના મહાનાયક ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને નગરપાલિકા પ્રમુખ દ્વારા પૂજા-અર્ચના કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો સહિત વિવિધ સમાજના આગેવાનો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ભગવાન બિરસા મુંડાના જીવન, તેમના સંઘર્ષ અને આદિવાસી સમાજના હક-અધિકારો માટે આપેલા યોગદાનને યાદ કરી ઉપસ્થિત આગેવાનોએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આદિવાસી સમાજની સંસ્કૃતિ, પરંપરા અને સમૃદ્ધ વારસાને જાળવી રાખવા તેમજ નવી પેઢીને આદિવાસી મહાનાયકોના યોગદાનથી પરિચિત કરાવવા માટે પણ અપીલ કરવામાં આવી હતી.

## સાવલી તાલુકામાં વિશ્વ આદિવાસી દિવસે હજારોની સંખ્યામાં આદિવાસી ભાઇઓ ઉમટી પડ્યા



**સાવલી :** સમગ્ર દેશમાં ૯મી ઓગષ્ટે આદિવાસી દિવસની ઉજવણી કરાતી હોય ત્યારે વડોદરા જિલ્લાના સાવલી માં વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અને ભવ્ય રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો રેલીમાં જોડાયા હતા જય જોહર જય આદિવાસી"ના નારાથી સમગ્ર સાવલી ગુંજી ઉઠ્યું હતું ડીજેના તાલે આદિવાસી સમાજના યુવકો નાચતા કૂદતા સમાજની રેલી કાઢી હતી અને પરંપરાગત પહેરવેશમાં મોટી સંખ્યામાં લોકો જોવા મળ્યા હતા તેમજ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાની રેલીમાં જોવા મળી ઝલક મળી હતી રેલી દરમિયાન યુવાનોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

## નસવાડીમાં વિશ્વ આદિવાસી દિવસે પરંપરાગત વેશભૂષા અને નૃત્ય સાથે રેલી યોજાઇ



**નસવાડી :** છોટાઉદેપુર જિલ્લાના નસવાડી ખાતે વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે આદિવાસી સમાજ દ્વારા ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું રેલી પહેલાં આદિવાસી સમાજના યુવાનો અને આગેવાનો દ્વારા પરંપરાગત રીત-રિવાજ મુજબ પૂજા-અર્ચના કરવામાં આવી હતી આદિવાસી સમાજ માટે જળ, જમીન અને જંગલનું વિશેષ મહત્વ છે ત્યારે વિશ્વ આદિવાસી દિવસના અવસરે નસવાડીમાં આદિવાસી સમાજના યુવાનો અને આગેવાનોએ જળ, જમીન અને જંગલનું પૂજન કરી પોતાની પરંપરા અને સંસ્કૃતિને ઉજાગર કરી હતી અને પૂજા-અર્ચના બાદ મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો રેલીમાં જોડાયા હતા.